આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-18-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

----------------------------------------------------------------------------

## માર્ગ સૈં. મંજૂરી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારો અને પથરાળ વિસ્તારોને જોડતા માર્ગના મજબૂતીકરણ માટે 1 હજાર 470 કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ રસ્તાઓના કામ થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામના ટ્રાફિકને સરળતા રહેશે અને વાહન વ્યવહારલાયક સારા માર્ગની સગવડતા મળશે.

મુખ્યમંત્રીએ કુલ 688 કિલોમીટરના 65 માર્ગ માટે આ રકમ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જે અંતર્ગત 83 કિલોમીટર માર્ગને ફોર લેન સુધી પહોળા કરવામાં આવશે. જ્યારે 173 કિલોમીટર સુધીના રસ્તા 10 મીટર સુધી પહોંળા કરાશે. સાથે 432 કિલોમીટર લંબાઈના માર્ગનું મજબૂતીકરણ કરવામાં આવશે. તેમજ પૂલ/ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચર્સના જરૂરી મજબૂતીકરણ પણ કરવામાં આવશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ તૈયાર થયા પછી જરૂરિયાત જણાશે તે રસ્તાઓ પર ફ્લાયઓવર પણ બનાવવાનું આયોજન છે.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------------

## ચાંદીપુરા વાયરસ

રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઇરસના કેસો ઝડપથી વધી રહ્યા છે. એક અહેવાલ અનુસાર ગાંધીનગરમાં બાળકીનું શંકાસ્પદ વાઇરસને કારણે મોત થયું હોવાનું સામે આવ્યું છે. આ સહિત રાજ્યમાં શંકાસ્પદ વાઇરસને કારણે અંદાજે 10 બાળકોના મોત  થયા છે.

ગુજરાતમાં આ વાયરસે એન્ટ્રી મારતા તમામ જિલ્લાઓમાં આરોગ્ય વિભાગ હરક્તમાં આવી ગયું છે. ત્યારે વાયરસને લઈને કચ્છ જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પણ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લામાં હાલમાં કોઈ ચિંતાજનક સ્થિતિ નથી અને કેસ પણ જોવા મળ્યો નથી. છતાં આરોગ્ય તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સ વધારવામા આવ્યું છે. આ વાયરસ મુખ્યત્વે 0 થી 14 વર્ષ સુધીના બાળકો ભોગ બને છે. જેથી વાલીઓ સાવધાની રાખે તે જરૂરી છે. વાયરસને લઇને જિલ્લાનું તંત્ર સતર્ક બન્યું છે.

**RNU અમદાવાદ / N.P**

---

## અંદાજપત્ર

કેન્દ્ર સરકારે સંસદના અંદાજપત્ર સત્ર પહેલા આ રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન, સરકાર સંસદના બંને ગૃહોની સુચારૂ કામગીરી માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકારની વિનંતી કરશે. અંદાજપત્ર સત્ર આ મહિનાની 22મીથી 12મી ઓગસ્ટ સુધી ચાલશે. અંદાજપત્ર 23 જુલાઈએ રજૂ થશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ અંદાજપત્ર હશે.

**RNU અમદાવાદ**

---

## કરાર આધારિત ભરતી

રાજ્ય સરકારે વર્ગ 3 અને વર્ગ 4 સહિત કરાર આધારિત ભરતીને સ્થાને કાયમી ભરતી કરવા તેમજ સરકારી ભરતીઓમાં કરાર પ્રથા નાબૂદ કરાઈ હોવાના સમાચારને રદિયો આપ્યો છે.

વહીવટી વિભાગના સંયુક્ત સચિવ દ્વારા જાહેર કરાયેલ એક નિવેદનમાં આ સમાચારોને સત્યથી વેગળા કહેવાયા છે. સાથે જ સ્પષ્ટતા કરવામાં આવી છે કે સરકારે આવો કોઈ જ નિર્ણય લીધો નથી, ના તો આ અંગેની કોઈ સૂચના અપાઈ છે. ભરતી અંગેની સરકારની હાલની નીતિ યથાવત છે. આ નિવેદનમા સામાન્ય લોકોને સોશિયલ મીડિયા તેમજ સમાચારોમાં પ્રસારિત આવી ખબરોથી ભ્રમિત ન થવા લોકોને કહેવાયું છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------------

## આઈ પોર્ટલ

રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા ચાલુ વર્ષ 2024-25 માટે ખેડુતો માટે બાગાયતી યોજનાઓના લાભ માટે આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ યોજનાઓનો લાભ લેવા માટે વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ખેડૂતો ફળ પાકોના વાવેતર માટે 15 ઓગસ્ટ સુધી અરજી કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, આઇ-ખેડૂત પોર્ટલ પર આંબા, જામફળ, કેળ (ટીસ્યુ), ટીસ્યુકલ્ચર ખારેક, નાળીયેરી, કમલમ ફળ (ડ્રેગન ફ્રુટ), દ્રાક્ષ, કિવિ, દાડમ, લીંબુ, પપૈયા, સરગવા ઉપરાંત વધુ ખેતી ખર્ચ વાળા ફળ પાકો સિવાયના ફળ પાકો, વાવેતર માટેની સામગ્રી, સહાય માટે અરજી કરી શકે છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગે આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ જાહેર કર્યું છે. આજે અને આવતીકાલે કચ્છ સહિત સૌરાષ્ટ્ર અને  કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન  વિભાગે બે દિવસ દરમિયાન આ તમામ જિલ્લાઓમાં ગાજવીજ ઉપરાંત 30થી 40 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે.

આ આગાહી વચ્ચે ગઈકાલે જિલ્લામાં લખપતને બાદ કરતા અન્ય કોઈ તાલુકામાં વરસાદ વરસ્યો ન હતો. જિલ્લાના અન્ય તાલુકામાં ધુપછાવનો માહોલ રહ્યો હતો.

**RNU અમદાવાદ / N.P**

---

## મહોરમ પર્વ

રાજ્ય સહિત દેશભરમાં ગઈકાલે મહોરમ પર્વ મનાવાઈ ગયો. ઇસ્લામ ધર્મનાં પયગંબર હજરત મહોંમદનાં પૌત્ર હજ઼રત ઇમામ હુસૈન અને તેમના 72 સહયોગીઓના બલિદાનની યાદમાં આ પર્વ મનાવવામાં આવે છે. મુસ્લિમ સમાજ દ્વારા દર વર્ષે ઇસ્માલિક હિજરી સંવતનાં મહોરમ મહિનાની નવમી અને દસમી તારીખે તાજીયા કાઢી આ દિવસને માતમનાં પર્વ તરીકે મનાવવામાં આવે છે.

**RNU અમદાવાદ**

---